# પૂર્વ-ઉચ્ચ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-5), જુલાઈ-2022

બેઠક નંબર | | | | | | | | | | | |

સેટ **A**

**0 4 0 1**

પેપર નંબર - I

સમય: 11:00 થી 12:30

## માધ્યમ: ગુજરાતી

કુલ ગુણ: 150

## પ્રથમ ભાષા અને ગણિત

પાના: 32

**પ્રશ્નોના જવાબ આપતા પહેલાં નીચે આપેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

(1) પ્રશ્નપત્ર બે ભાગમાં વહેંચાયેલું છે. ભાગ-**I** માં પ્રથમ ભાષાના **1** થી **25** પ્રશ્નો છે અને ભાગ-**II** માં ગણિતના **26** થી **75** પ્રશ્નો છે. તમામ **75** પ્રશ્નો ફરજિયાત છે.

(2) તમામ પ્રશ્નના દરેકના **બે** ગુણ છે.

(3) પ્રશ્નપત્ર ઉકેલવા માટે **90** મિનિટનો સમય છે.

(4) જવાબો નોંધવા માટે અલગ ઉત્તરવહી આપેલી છે. દરેક પ્રશ્નમાં ચાર વિકલ્પો આપ્યા છે. તે ધ્યાનપૂર્વક વાંચો. સાચો વિકલ્પ પસંદ કરીને ઉદાહરણ મુજબ વર્તુળને પૂર્ણપણે રંગવાનું છે.

ઉદાહરણ તરીકે:- જો પ્રશ્ન નંબર **6** માટે સાચો વિકલ્પ **2** હોય તો નીચે પ્રમાણે તેની નોંધ કરવી.

પ્રશ્ન નંબર **6** - ① ● ③ ④

(5) અન્ય કોઈપણ પ્રકારે આપેલા જવાબને ધ્યાનમાં લેવાશે નહીં. આવા જવાબ માટે 'શૂન્ય' ગુણ આપવામાં આવશે.

① ② ⊙ ④

(6) વર્તુળ રંગવા માટે વાદળી અથવા કાળી બોલપેનનો ઉપયોગ કરવો. પેન્સિલથી ઘાટા કરેલા વર્તુળના ગુણ ઉમેરાશે નહીં.

(7) જો એકથી વધુ વર્તુળ રંગ્યા હશે અથવા છેકછાક કરીને જવાબ નોંધેલા હશે તો તે ગ્રાહ્ય ધરવામાં આવશે નહીં.

(8) એક વખત જવાબ નોંધી દીધા પછી બદલી શકાશે નહીં.

(9) પ્રશ્નપત્રમાં દરેક પાનામાં નીચે આપેલી જગ્યામાં અથવા છેલ્લા પાને કાચું કામ કરવું.

(10) પરીક્ષાનો સમય મર્યાદિત છે, જો તમે કોઈ પ્રશ્ન ના ઉકેલી શકો તો, કૃપા કરીને પછીનો પ્રશ્ન ઉકેલો. જો છેલ્લે સમય બચે તો ઉકેલ્યા વગરના પ્રશ્નો ઉકેલવાનો ફરી પ્રયાસ કરો.

(11) જો તમને કોઈ પ્રશ્ન અધૂરો અથવા ભૂલ વાળો લાગે તો, નિરીક્ષક અથવા કેન્દ્ર સંચાલક પાસે પૂછપરછ કરવી નહીં.

(12) કોઈ ભૂલ/ખામી/વાંધો હોય તો, શાળા અથવા માતા-પિતા બ્લોક પરીક્ષા અધિકારી અથવા પરીક્ષા અધિકારીને અરજી મોકલી શકતા નથી. આ ભૂલ/ખામી/વાંધા માત્ર સંબંધિત સ્કૂલના લોગીન દ્વારા ઓનલાઇન નોંધાવવા.

(13) ભૂલ/ખામી/વાંધો MSCE ની વેબસાઇટ પર તાત્પુરતી અંતિમ ઉત્તરસૂચિ પ્રસિદ્ધ થયા પછી **10** દિવસમાં ઓનલાઇન નોંધાવવા.

(14) મુદ્રણદોષ અથવા અન્ય કારણોસર પ્રશ્નમાં ભૂલ છે એમ જણાશે તો તજજ્ઞ સમિતીના અભિપ્રાય મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

(15) મૂળ માધ્યમ સાથે અંગ્રેજી માધ્યમની પ્રશ્નપત્રિકા આપેલી હશે. મૂળ માધ્યમમાં ન સમજાય તેવા પ્રશ્નો માટે અંગ્રેજી પ્રશ્નોમાં જોવું.

**SECTION - I**

**ગુજરાતી**

**પ્ર. ક્ર. 01 થી 03 માટે સૂચના –**

નીચેની જાહેરાત વાંચીને પ્રશ્નોના જવાબ માટે યોગ્ય પર્યાય શોધો.

વિદ્યાર્થી, પાલક અને શિક્ષકો માટે સુવર્ણસંધિ

તરુણ સેવક સંઘ આયોજિત

ના નફો, ના ખોટ

**શૈક્ષણિક સાહિત્ય મેળો**

પ્રવેશ વિનામૂલ્ય

સ્થળ : સાવિત્રી સાંસ્કૃતિક ભવન

**પ્રદર્શન અને વિક્રી કાલાવધી**

10 જૂનથી 14 જૂન 2018

✳ અહીં શું જોશો અને શું લેશો?

1) વિવિધ જ્ઞાન અને મનોરંજક પુસ્તકો
2) શૈક્ષણિક સાહિત્ય, પ્રતિકૃતિ, તક્તા અને વૈજ્ઞાનિક રમતો
3) સંગણક આધારિત શૈક્ષણિક સાહિત્ય સીડી અને ડિવ્હીડિ
4) વિવિધ કાગળ, રંગ, બ્રશ અને શૈક્ષણિક સ્ટેશનરી

**સમય : સવારના 10 થી સાંજના 6**

એક વખત અવશ્ય ભેટ લો.

**01.** સાહિત્ય મેળો કોણે આયોજિત કર્યો છે?

(1) બાલ સેવક સંઘે (2) નવયુગ સેવક સંઘે
(3) તરૂણ સેવક સંઘે (4) મહિલા સંઘે

**02.** પ્રદર્શન કુલ કેટલા દિવસનું છે?

(1) પાંચ (2) છ (3) સાત (4) આઠ

**ફક્ત કાચા કાર્ય માટે**

**03.** પ્રદર્શનની વસ્તુઓ બીજી દુકાનો કરતાં સસ્તી હશે તે તમને ક્યા વાક્ય પરથી સમજાય છે?

(1) પ્રવેશ વિના મૂલ્ય. (2) એક વખત અવશ્ય ભેટ લો.

(3) અહીં શું જોશો અને શું લેશો? (4) ના નફો, ના ખોટ

**પ્ર. ક્ર. 04 થી 06 માટે સૂચના –**

આપેલું કાવ્ય વાંચી તેની નીચેના પ્રશ્નોના જવાબ આપેલા પર્યાયમાંથી શોધીને લખો.

ઋતુઓમાં શોભતી આવી વસંત,
આવી વસંત, ભાઈ આવી વસંત.
મહેકતી મંજરીને કૂણા અંકુર,
ગુંજતા ઓલ્યા ભમરાના સૂર,
મીઠી મીઠી ખુશ્બુ લાવી વસંત,
લાવી વસંત ભાઈ, લાવી વસંત.
ફૂલડાઓ ફોરીને ફેલાવે ફોરમ,
કેસૂડો પણ રાજાથી નથી કંઈ કમ,
પતંગિયા એ ખૂબ ભમી વસંત,
ભમી વસંત ભાઈ, ભમી વસંત.
આનંદ ઉછાળે રંગોનો તહેવાર,
કુદરતના ખોળે સ્નેહનો વહેવાર,
હવાની લહેરખી પામી વસંત,
પામી વસંત ભાઈ, પામી વસંત.
કોકિલનો ટહુકો ગુંજે રે કાનમાં,
મસ્ત બની ડોલતાં પંખીઓ તાનમાં,
ભૂલકાંઓને ખૂબ ગમી વસંત,
ગમી વસંત ભાઈ, ગમી વસંત.
ઋતુઓમાં શોભતી આવી વસંત,
આવી વસંત, ભાઈ આવી વસંત.

**<u>ફક્ત કાચા કાર્ય માટે</u>**

**04.** કાવ્યમાં કઈ ઋતુનો ઉલ્લેખ થયો છે?

(1) વર્ષા (2) વસંત (3) હેમંત (4) શરદ

**05.** ફૂલડાંઓ શું ફેલાવી રહ્યાં છે?

(1) ફોરમ (2) સ્નેહ (3) ખુશ્બુ (4) ટહુકો

**06.** 'ભમરાનાં ગુંજન ચારેકોરથી સંભળાઈ રહ્યાં છે', કઈ કાવ્યપંક્તિ પરથી સમજાય છે?

(1) મહેકતી મંજરીને કૂણા અંકુર. (2) કુદરતના ખોળે સ્નેહનો વહેવાર.

(3) મસ્તબની ડોલતાં પંખીઓ તાનમાં. (4) ગુંજતા ઓલ્યા ભમરાના સૂર.

**07.** નીચેના વાક્યમાંથી સર્વનામ શોધો.

તારે તડકામાં ક્યાંય જવાનું નથી.

(1) ક્યાંય (2) તારે (3) તડકામાં (4) જવાનું

**08.** આપેલા પર્યાયમાંથી નપુસંકલિંગ ઓળખો.

(1) મંદિર (2) શાળા (3) ડુંગર (4) જમીન

**09.** આપેલા વાક્યના અંતે ક્યું વિરામચિહ્ન આવશે તે શોધો.

વેલીએ કહ્યું, લાવો, હું છુટા લઈ આવું

(1) ? (2) . (3) ! (4) :

**10.** અયોગ્ય જોડણીવાળો શબ્દ ઓળખો.

(1) શક્તિશાળી (2) અગ્નિશામક

(3) પૂરગ્રસ્ત (4) વાવાજોડું

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**11.** આપેલું વાક્ય ક્યો કાળ દર્શાવે છે?
ખેડૂતો ઝાડ નીચે બેસી જમતા હતા.

(1) ભૂતકાળ (2) વર્તમાનકાળ
(3) ભવિષ્યકાળ (4) સાદોકાળ

**12.** નીચેના ચોકઠામાં એક કહેવત છુપાયેલી છે તે ઓળખીને તેનો ત્રીજો અક્ષર પર્યાયમાંથી શોધો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ન | તે | ને | ગ | મે | સૌ | મે |

(1) ન (2) મે
(3) તે (4) સૌ

**પ્ર. ક્ર. 13 થી 15 માટે સૂચના –**
નીચે એક સુસંગત વાક્યોનો પરિચ્છેદ આપેલો છે. પરિચ્છેદના વાક્યો પૂર્ણ કરવા માટે યોગ્ય પર્યાય શોધો.

**13.** બાળકો સવારથી જ __________ ના દિવસે મેદાન પર ભેગા થયા હતા.

(1) દીવાળી (2) મકરસંક્રાંત
(3) બાલદિન (4) હોળી

**14.** બધા બાળકોના હાથમાં __________ હતા.

(1) ફટાકડાં (2) ધનુષ્યબાણ
(3) પિચકારી (4) પતંગ

**15.** સાંજે બધાએ એકબીજાને __________ આપી ગોડગોડ બોલવાનું કહ્યું.

(1) તિલગૂળ (2) પુરણપૂરી
(3) પેંડા (4) બરફી

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

16. સંગણકને સંબંધિત ન હોય તેવો શબ્દ નીચેના પૈકી ક્યો?

(1) માઉસ (2) ઈ-મેલ

(3) રેડિઓ (4) ચેટીંગ

17. આપેલા વાક્યમાં બંધબેસતો યોગ્ય રૂઢિપ્રયોગ નીચેના પર્યાયમાંથી શોધો.

અચાનક હથિયાર સાથે સામેથી આવતા માણસને જોઈ ઈતિશ્રી _________.

(1) અગમચેતી વાપરી (2) સજાગ થઈ ગઈ

(3) મારામારી કરવા લાગી (4) ઝપાઝપી કરી

18. નીચેના પર્યાયમાંથી વિરોધી શબ્દની યોગ્ય જોડી શોધો.

(1) સર્જન × વિસર્જન (2) ધોળી × સફેદ

(3) સવાર × પ્રભાત (4) જાગવું × ઊઠવું

19. નીચેના પૈકી અલંકારિક શબ્દ અને તેના અર્થની અયોગ્ય જોડી ઓળખો.

(1) નિરક્ષર માણસ - અક્ષરશત્રુ (2) ઘરમાંથી બહાર ન જનારો - ઘરકૂકડો

(3) કપટી માણસ - કર્ણનો અવતાર (4) ભોળો માણસ - ભગવાનનો માણસ

20. જૂથમાં બંધબેસતી ન હોય તેવી જોડી ઓળખો.

(1) હાથી - મદનિયું (2) ઊંટ - બોતડું

(3) કૂતરું - ગલૂડિયું (4) ગાય - વછેરું

21. આપેલા શબ્દો વર્ણાનુક્રમે ગોઠવતાં બીજા ક્રમાંકે આવતો શબ્દ ક્યો તે પર્યાયમાંથી પસંદ કરો.


સાંજ, મંદિર, પહેરવું, કપડાં, છત્રી

(1) મંદિર (2) સાંજ

(3) છત્રી (4) કપડાં

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**22.** ખાલી ચોકઠામાં ક્યો પર્યાય પસંદ કરતાં પાંચ અર્થપૂર્ણ શબ્દ તૈયાર થશે?




(1) કુ (2) સહ (3) સુ (4) પ્ર

**23.** આપેલા શબ્દોમાંનો સહસંબંધ ઓળખી યોગ્ય પર્યાય શોધો.

જેમ

પોતાના ઉપર જ આધાર રાખનાર : સ્વાવલંબી

તેમ

____________________ : પરાવલંબી

(1) બીજા પર આધાર રાખનાર (2) બીજા માટે કામ કરનાર

(3) કરેલા ઉપકારને યાદ રાખનાર (4) કરેલા ઉપકારને ભૂલી જનાર

**24.** યોગ્ય પર્યાય શોધો.

ગાયની - ગમાણ : ઘોડાનો - __________

(1) ગુફા (2) તબેલો

(3) દર (4) રાફડો

**25.** નીચેનામાંથી ક્યું કાવ્ય લોકગીત છે?

(1) ઝુલણ મોરલી વાગી રે.. (2) આવી વસંત

(3) હેલો (4) પ્રાણીબાગ

ફક્ત કાચા કાર્ય માટે

## SECTION - II

## MATHEMATICS

**26.** 5 dozen + 2 gross = ? dozens

(1) 28 (2) 29 (3) 25 (4) 27

**27.** The numbers divisible by 37 are arranged in ascending order. What will be the number at the sixth place?

(1) 148 (2) 185 (3) 111 (4) 222

**28.** If $12^{th}$ August 2017 was Saturday, then which days would occur 5 times in August?

(1) Thursday, Friday, Saturday

(2) Sunday, Monday, Tuesday

(3) Tuesday, Wednesday, Thursday

(4) Wednesday, Thursday, Friday

**29.** If the difference between two decimal fractions is 4.585 and one of the fractions is 3.256, then what is the other decimal fraction?

(1) 1.329 (2) 7.851 (3) 1.349 (4) 7.841

**30.** Choose the incorrect option.

(1) 100 m = 1 hectometer (2) 1000 $l$ = 1 kilo liter

(3) 1 kg = 10 hectogram (4) 1 gm = 100 decigram

**SPACE FOR ROUGH WORK**

## SECTION - II

### ગણિત

**26.** 5 ડઝન + 2 ગ્રોસ = કેટલા ડઝન?

(1) 28 (2) 29 (3) 25 (4) 27

**27.** 37 વડે વિભાજ્ય હોય તેવી સંખ્યાઓને ચઢતા ક્રમમાં ગોઠવતાં છઠ્ઠા સ્થાન પર કઈ સંખ્યા આવશે?

(1) 148 (2) 185 (3) 111 (4) 222

**28.** 12 ઑગસ્ટ 2017 ના રોજ શનિવાર હોય તો તે જ મહિનામાં નીચેનામાંથી ક્યા વાર પાંચ વખત આવશે?

(1) ગુરુવાર, શુક્રવાર, શનિવાર

(2) રવિવાર, સોમવાર, મંગળવાર

(3) મંગળવાર, બુધવાર, ગુરુવાર

(4) બુધવાર, ગુરુવાર, શુક્રવાર

**29.** બે દશાંશ અપૂર્ણાંકોમાં 4.585 નો તફાવત છે. તેમાંથી એક દશાંશ અપૂર્ણાંક 3.256 હોય તો બીજો દશાંશ અપૂર્ણાંક ક્યો?

(1) 1.329 (2) 7.851 (3) 1.349 (4) 7.841

**30.** નીચેનામાંથી અયોગ્ય પર્યાય શોધો.

(1) 100 મી. = 1 હેક્ટો મી.


(2) 1000 લિ. = 1 કિલોલિટર

(3) 1 કિ. ગ્રા. = 10 હેક્ટોગ્રામ

(4) 1 ગ્રામ = 100 ડેસિ ગ્રામ

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**31.** Find the percentage of the shaded portions in the adjoining figure.



(1) 25 % (2) 4 % (3) 75 % (4) 7 %

**32.** What is the difference between the smallest 3 digit odd number and the greatest 2 digit even number?

(1) 5 (2) 7 (3) 0 (4) 3

**33.** What is the difference between the first and the last number if 5.435, 5.084, 5.123, 5.064 are arranged in ascending order.

(1) 0.371 (2) 0.351

(3) 0.312 (4) 0.361

**34.** Vijayrao purchased 30 dozen oranges at the rate of Rs. 50 per dozen. 15 oranges were spoiled. He sold the remaining oranges at Rs. 6 per orange. How much profit or loss did he earn in this transaction?

(1) Profit of Rs. 570 (2) Loss of Rs. 570

(3) Loss of Rs. 345 (4) Profit of Rs. 345


**35.** If 15 kg 500 gm of rice is filled in a box then how much rice will be required to fill 10 such boxes?

(1) 115 kg (2) 155 kg

(3) 1150 kg (4) 150 kg

**SPACE FOR ROUGH WORK**

**31.** નીચે આપેલી આકૃતિનો સેંકડે છાયાંકિત કરેલો ભાગ શોધો.



(1) 25% (2) 4% (3) 75% (4) 7%

**32.** ત્રણ અંકી નાનામાં નાની વિષમ સંખ્યા અને બે અંકી મોટામાં મોટી સમ સંખ્યા વચ્ચેનો તફાવત કેટલો?

(1) 5 (2) 7 (3) 0 (4) 3

**33.** 5.435, 5.084, 5.123, 5.064

સંખ્યાઓને ચઢતા ક્રમમાં ગોઠવતાં પહેલી અને છેલ્લી સંખ્યા વચ્ચેનો તફાવત કેટલો?

(1) 0.371 (2) 0.351

(3) 0.312 (4) 0.361

**34.** વિજયભાઈએ 50 રૂ।. ડઝનના ભાવે 30 ડઝન સંતરા વેચાતા લીધા. તેમાંથી 15 સંતરા ખરાબ થઈ ગયા. વધેલા બધા જ સંતરા તેમણે પ્રતિ સંતરા 6 રૂ। ના ભાવે વેચ્યા, તો તેમને આ વ્યવહારમાં કેટલો નફો અથવા ખોટ ગઈ?

(1) 570 રૂ।. નફો (2) 570 રૂ।. ખોટ

(3) 345 રૂ।. ખોટ (4) 345 રૂ।. નફો

**35.** એક ડબ્બામાં 15 કિ. 500 ગ્રામ ચોખા ભર્યા તો 10 ડબ્બામાં કેટલા ચોખા સમાશે?

(1) 115 કિ. (2) 155 કિ.

(3) 1150 કિ. (4) 150 કિ.

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**36.** A bottle can contain 125 ml of scented oil. How many bottles will be required to fill 4 $l$ of scented oil?

(1) 32 (2) 24


(3) 50 (4) 34

**37.** 3Δ 4□ is completely divisible by 6. Which numbers will occur in place of □ and Δ respectively?

(1) 3, 2 (2) 3, 4

(3) 2, 3 (4) 5, 1

**38.** Which fraction of the following options does not indicate the equivalent fraction of the unshaded portion in the given figure?



(1) $\frac{4}{6}$ (2) $\frac{2}{3}$

(3) $\frac{1}{3}$ (4) $\frac{8}{12}$

**39.** In how many years the principle amount of Rs. 4,000 will get double at the rate of 10 % p.a. by simple interest?

(1) 20 (2) 10

(3) 5 (4) 2

**SPACE FOR ROUGH WORK**

**36.** એક બાટલીમાં 125 મિ.લી. સુવાસિત તેલ ભર્યુ. તો 4 લિટર સુવાસિત તેલ ભરવા માટે કેટલી બાટલીઓ જોઈશે?

(1) 32 (2) 24


(3) 50 (4) 34

**37.** 3 Δ 4 □ આ સંખ્યાને 6 વડે નિઃશેષ ભાગી શકાય છે. તો □ અને Δ ના સ્થાને અનુક્રમે ક્યા અંક હશે?

(1) 3, 2 (2) 3, 4

(3) 2, 3 (4) 5, 1

**38.** આપેલી આકૃતિમાંનો નીચેના પૈકી ક્યો અપૂર્ણાંક છાયાંકિત ન કરેલા ભાગનો સમમૂલ્ય અપૂર્ણાંક દર્શાવતો નથી?



(1) $\frac{4}{6}$ (2) $\frac{2}{3}$

(3) $\frac{1}{3}$ (4) $\frac{8}{12}$


**39.** 4000 રૂ. 10% ના દરે સાદાવ્યાજે કેટલા વર્ષ માટે બેંકમાં મૂકતા મળનારી કુલ રકમ મુદ્દલ કરતા બમણી હશે?

(1) 20 (2) 10

(3) 5 (4) 2

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**40.** In the adjoining figure, by how much is the number of triangles more or less than that of number of rectangles?



(1) more by 2
(2) less by 2
(3) more by 4
(4) less by 4

**41.** Which of the following options has the place value of 5, the least?

(1) 54,389
(2) 49,385
(3) 45,389
(4) 74,592

**42.** Choose the incorrect option from the given alternatives.

(1) $\frac{3}{7}$ of 28 = 12

(2) 15 of $\frac{4}{5}$ = 12

(3) $\frac{6}{7}$ of 14 = 12


(4) 18 of $\frac{8}{9}$ = 12

**43.** 504 m long wire is cut at 8 places at equal distance. What will be the length of each piece?

(1) 68 m
(2) 63 m
(3) 56 m
(4) 54 m

**SPACE FOR ROUGH WORK**

**40.** નીચેની આકૃતિમાંના ત્રિકોણની સંખ્યા ચતુષ્કોણની સંખ્યા કરતા કેટલી - ઓછી કે વધારે છે?



(1) 2 જેટલી વધારે (2) 2 જેટલી ઓછી
(3) 4 જેટલી વધારે (4) 4 જેટલી ઓછી

**41.** નીચેના પૈકી ક્યા પર્યાયમાં 5 આ અંકની સ્થાનિક કિંમત ઓછી છે?

(1) 54,389 (2) 49,385
(3) 45,389 (4) 74,592

**42.** આપેલા પર્યાયો પૈકી અયોગ્ય પર્યાય ઓળખો.

(1) 28 ના $\frac{3}{7}$ ગણા = 12

(2) $\frac{4}{5}$ ના 15 ગણા = 12

(3) 14 ના $\frac{6}{7}$ ગણા = 12

(4) $\frac{8}{9}$ ના 18 ગણા = 12

**43.** 504 મીટર તાર 8 જગ્યાએ કાપીને તેના સમાન ટુકડા કર્યા તો પ્રત્યેક ટુકડાની લંબાઈ કેટલી હશે?

(1) 68 મી. (2) 63 મી. (3) 56 મી. (4) 54 મી.

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**44.** Write the correct option from the given alternatives.

(1) $(20 + 5) \div 5 = 20 \div 5 + 5$ (2) $7 \times 8 + 5 = 5 + 8 \times 7$

(3) $105 \div 3 > 4 \times 9$ (4) $100 \times 10 \div 1 < 100 \div 10 \times 10$

**45.** By how much is the sum of number edges and vertices of a cuboid, more than the difference of the number of edges and faces of a cube?

(1) 8 (2) 12


(3) 14 (4) 6



**46.** Harjeet took a loan of Rs. 20,000 from a bank at the rate of 7 p.c.p.a. for 3 years. How much simple interest will he have to pay to the bank?



(1) Rs. 4,200 (2) Rs. 4,300

(3) Rs. 4,380 (4) Rs. 2,400

**47.** Complete the following series.

 ____________

(1)  (2) 

(3)  (4) 

**48.** How many times $\frac{3}{4}$ should be added to $\frac{3}{4}$, to get the addition 3?

(1) 4 (2) 3

(3) 5 (4) 2

**SPACE FOR ROUGH WORK**

**44.** નીચેના પૈકી ક્યો પર્યાય અચૂક છે તે શોધો.

(1) $(20 + 5) \div 5 = 20 \div 5 + 5$

(2) $7 \times 8 + 5 = 5 + 8 \times 7$

(3) $105 \div 3 > 4 \times 9$

(4) $100 \times 10 \div 1 < 100 \div 10 \times 10$

**45.** લંબઘનની ધાર અને શિરોબિંદુનો કુલ સરવાળો એ ઘનની ધાર અને પૃષ્ઠભાગની બાદબાકી કરતા કેટલો વધારે છે?

(1) 8 (2) 12


(3) 14 (4) 6


**46.** હરજિતસિંગે બેંકમાંથી 20,000 રૂા. દ. વ. દ. સેં. 7 ના દરે 3 વર્ષ માટે સાદાવ્યાજે લીધા, તો તેણે બેંકને કેટલું વ્યાજ આપવું પડશે?



(1) 4200 રૂા. (2) 4300 રૂા.

(3) 4380 રૂા. (4) 2400 રૂા.

**47.** નીચેનો આકૃતિબંધ પૂર્ણ કરો.

 ____________

(1)  (2) 

(3)  (4) 

**48.** $\frac{3}{4}$ આ અપૂર્ણાંકમાં $\frac{3}{4}$ કેટલી વખત ઉમેરતા સરવાળો 3 આવશે?

(1) 4 (2) 3

(3) 5 (4) 2

**ફક્ત કાચા કાર્ય માટે**

**49.** In a market, if the cost of 17 boxes of mangoes is Rs. 6,035, then what will be the price of 25 such boxes?

(1) Rs. 355 (2) Rs. 8,875

(3) Rs. 8,625 (4) Rs. 345

**50.** Maria had to reach for a seminar at 10.30 a.m. but her vehicle got punctured and she got late by 45 min. Then at what time did she reach for the seminar?

(1) 11.30 min (2) 11.45 min

(3) 1.30 min (4) 11.15 min

**51.** Which of the following options is incorrect?

(1) Any number multiplied by zero, gives the same number.

(2) Any number multiplied by zero, gives zero as the product.

(3) Any number divided by 1 gives the same number as quotient.

(4) Any number divided by the same number gives 1 as quotient.

**52.** How many 2 digit numbers have 6 in them?

(1) 19 (2) 17

(3) 18 (4) 21

**53.** What remains if 10 is subtracted from 10 % of 200?

(1) 10 (2) 20

(3) 180 (4) 190

**SPACE FOR ROUGH WORK**

**49.** બજારમાં 17 આંબાની પેટીની કિંમત 6035 રૂા. છે, તો એવી 25 આંબાની પેટીની કિંમત કેટલી?

(1) 355 રૂા.
(2) 8875 રૂા.
(3) 8625 રૂા.
(4) 345 રૂા.

**50.** મારિયાને સેમિનાર માટે સાડા દસ વાગે પહોંચવાનુ હતુ પરંતુ ગાડી પંક્ચર થતા તેને પોણો કલાક મોડુ થયું તો તે સેમિનારમાં કેટલા વાગે પહોંચી?

(1) 11 વાગીને 30 મિ.
(2) 11 વાગીને 45 મિ.
(3) 1 વાગીને 30 મિ.
(4) 11 વાગીને 15 મિ.

**51.** નીચેના પૈકી ક્યુ વિધાન અયોગ્ય છે?

(1) કોઈપણ સંખ્યાને શૂન્ય વડે ગુણતા ગુણાકાર તે જ સંખ્યા આવે છે.
(2) કોઈપણ સંખ્યાને શૂન્ય વડે ગુણતા ગુણાકાર શૂન્ય આવે છે.
(3) કોઈપણ સંખ્યાને એક વડે ભાગતા ભાગાકાર તે જ સંખ્યા આવે છે.
(4) કોઈપણ સંખ્યાને તે જ સંખ્યાવડે ભાગતા ભાગાકાર એક આવે છે.

**52.** બે અંકી સંખ્યામાં 6 અંક હોય તેવી સંખ્યા કેટલી?

(1) 19
(2) 17
(3) 18
(4) 21

**53.** 200 ના સેં. 10 માંથી 10 બાદ કરતાં કેટલા વધે?

(1) 10
(2) 20
(3) 180
(4) 190

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**54.** Which of the pairs is neither co-prime nor twin prime?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 82 | 88 | 71 | 73 | 41 | 43 | 29 | 31 |

(1) 82, 88 (2) 71, 73 (3) 41, 43 (4) 29, 31

**55.** Sameer wrote six lakhs seven as 6000007 by mistake. By how much is his answer wrong?

(1) 54000 (2) 5400000 (3) 600007 (4) 5040000

**56.** $\left(\frac{3}{4}+\frac{5}{6}+\frac{5}{8}\right) = ?$

(1) $5\frac{2}{24}$ (2) $\frac{13}{18}$

(3) $1\frac{3}{18}$ (4) $2\frac{5}{24}$

**57.** A fencing is to be put around a square shape garden with area 625 sq.m. What will be the expenses for a 4 layered fencing around it, if the rate of fencing is Rs. 50 per meter?

(1) Rs. 5,000 (2) Rs. 50,000

(3) Rs. 2,000 (4) Rs. 20,000

**58.** Under a tree plantation programme, a social welfare organisation decided to plant trees at 5 km distance on 100 km long road, on both the sides. How many trees can be planted?

(1) 40 (2) 42

(3) 20 (4) 21

**SPACE FOR ROUGH WORK**

**54.** નીચેના પૈકી કઈ જોડી જોડમૂળ પણ નથી અને સહમૂળ પણ નથી?

| 82 | 88 |
|---|---|

| 71 | 73 |
|---|---|

| 41 | 43 |
|---|---|

| 29 | 31 |
|---|---|

(1) 82, 88 (2) 71, 73 (3) 41, 43 (4) 29, 31

**55.** સમીરે 'છ લાખ સાત' આ સંખ્યા અંકમા લખતી વખતે ભૂલથી 6000007 એમ લખ્યું. તો તેના જવાબમાં કેટલો તફાવત પડયો?

(1) 54000
(2) 5400000
(3) 600007
(4) 5040000

**56.** $\left(\frac{3}{4}+\frac{5}{6}+\frac{5}{8}\right)$ = કેટલા?

(1) $5\frac{2}{24}$
(2) $\frac{13}{18}$
(3) $1\frac{3}{18}$
(4) $2\frac{5}{24}$

**57.** 625 ચો. મી. ક્ષેત્રફળવાળા ચોરસાકૃતિ બાગની ફરતે કાંટાળી વાડના 4 આંટા મારવા માટે 50 રૂપિયા પ્રતિ મીટરના ભાવે કેટલો ખર્ચ થશે?

(1) 5000 રૂ.
(2) 50000 રૂ.
(3) 2000 રૂ.
(4) 20000 રૂ.

**58.** એક સેવાભાવી સંસ્થાએ વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત 100 કિમી. લંબાઈના રસ્તા પર 5 કિમી. ના અંતરે એક, આ પ્રમાણે બે બાજુ ઝાડ વાવવાનું નક્કી કર્યુ, તો કુલ કેટલા ઝાડ વાવી શકાશે?

(1) 40
(2) 42
(3) 20
(4) 21

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**59.** Sandeep has a bundle of notes of Rs. 100 from serial number 42378 to 42432. If instead of Rs. 100 notes, he wants Rs. 500 notes, how many notes of Rs. 500 can he get?

(1) 11 (2) 55

(3) 10 (4) 54

**60.** Aditya incurred Rs. 9,500 expenditure towards travel for his Kerala trip. He spent Rs. 7,250 on miscelleneous expenses. How much did he spend in all for Kerala trip?


(1) Rs. sixteen thousand seven hundred and fifty.

(2) Rs. sixteen thousand five hundred.

(3) Rs. seventeen thousand two hundred and fifty.

(4) Rs. fifteen thousand seven hundred and fifty.

**61.** What is the time in the adjacent clock?




(1) 12 (2) 9

(3) 8 (4) 11

**SPACE FOR ROUGH WORK**

**59.** સંદિપ પાસે 42378 ક્રમાંકથી 42432 ક્રમાંક સુધીની ક્રમાનુસાર નોટોવાળું 100 રૂપિયાનું એક બંડલ છે. તે 100 રૂપિયાની નોટોના બદલે તેમને 500 રૂપિયાની નોટો જોઈતી હોય તો 500 રૂપિયાની કુલ કેટલી નોટો આવશે ?

(1) 11 (2) 55

(3) 10 (4) 54

**60.** આદિત્યને કેરળ પર્યટનમાં જવા માટે સાડા નવ હજાર પ્રવાસખર્ચ અને સવાસાત હજાર રૂપિયા અન્ય ખર્ચ થયો. તો તેના કેરળ પર્યટનનો કુલ ખર્ચ કેટલા રૂપિયા થયો?


(1) પોણા સત્તર હજાર

(2) સાડા સોળ હજાર

(3) સવા સત્તર હજાર

(4) પોણા સોળ હજાર

**61.** આપેલા ઘડિયાળમાં કેટલા વાગ્યા છે?





(1) 12 (2) 9

(3) 8 (4) 11

<u>**ફક્ત કાચા કાર્ય માટે**</u>

**62.** Find the perimeter of the adjoining figure if the area of every square is 1 sq. cm.



(1) 22 cm (2) 22 sq. cm.

(3) 12 cm (4) 12 sq. cm.

**63.** $435 \times 1 * = 5 * * 0$

In this multiplication, $*$ has the same digit. Find the digit in place of $*$.

(1) 0 (2) 1

(3) 2 (4) 3


**64.** Iqbal purchased an old motorcycle at Rs. 25,000. He spent Rs. 8,500 on its repairs, Rs. 2,500 for its colouring and then sold it at Rs. 38,500. How much profit did he earn in the following transaction?

(1) Rs. 13,500 (2) Rs. 2,500

(3) Rs. 2,850 (4) Rs. 1,550

**SPACE FOR ROUGH WORK**

**62.** નીચેની આકૃતિમાંના પ્રત્યેક ચોરસનું ક્ષેત્રફળ 1 ચો. સેમી. હોય તો આકૃતિની પરિમિતિ શોધો.



(1) 22 સેમી
(2) 22 ચો. સેમી.
(3) 12 સેમી
(4) 12 ચો. સેમી

**63.** 435 × 1 * = 5 * * 0

આ ગુણાકારમાં * ના સ્થાને સમાન અંક છે. તો તે અંક ક્યો?

(1) 0
(2) 1
(3) 2
(4) 3

**64.** ઈકબાલે 25,000 રૂપિયાની એક જૂની મોટરસાયકલ વેચાતી લીધી. તેના સમારકામ માટે 8500 રૂા. અને રંગ લગાડવા માટે 2500 રૂા. ખર્ચ કર્યો અને તે ગાડી 38,500 રૂપિયામાં વેંચી. તો આ વ્યવહારમાં તેને કેટલો નફો થયો?

(1) 13500 રૂા.
(2) 2500 રૂા.
(3) 2850 રૂા.
(4) 1550 રૂા.

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**65.** Which of the following is a correct statement?

(1) The sum of all angles of a square is 180°.

(2) The sum of all angles of a triangle is equal to right angle.

(3) The number of sides of a rectangle is double the number of sides of a triangle.

(4) The sum of all angles of a triangle is half the sum of all angles of a rectangle.

**66.** Which is the greatest number?

0.91   0.899   0.090   0.900

(1) 0.91    (2) 0.899

(3) 0.090    (4) 0.900

**67.** To help the flood victims, the students of Adarsh Vidyalaya collected Rs. 47,989 and the students of Saraswati Vidyalaya collected Rs. 8,493. From the total amount if Rs. 50,042 are used for domestic items and remaining amount is used for food packets. How much amount is spent on food packets?

(1) Rs. 6,340    (2) Rs. 6,440

(3) Rs. 5,440    (4) Rs. 5,340

**68.** Which of the following statements is correct?

(1) $25\ \% = \frac{25}{1000}$    (2) 5 % of 20 = 4

(3) 50 % of 50 = 2.5    (4) 0.68 = 68 %

**SPACE FOR ROUGH WORK**

65. નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે?

(1) ચોરસના ચારેય ખૂણાનો સરવાળો $180^\circ$ હોય છે.
(2) ત્રિકોણના સર્વ ખૂણાઓના માપનો સરવાળો કાટકોણ જેટલો થાય.
(3) ચોરસની બાજુઓની સંખ્યા ત્રિકોણની બાજુઓની સંખ્યા કરતાં બમણી હોય છે.
(4) ત્રિકોણના સર્વ ખૂણાઓના માપનો સરવાળો ચોરસના સર્વ ખૂણાઓના માપના સરવાળા કરતાં અડધો છે.

66. નીચેનામાંથી સૌથી મોટી સંખ્યા કઈ?

0.91   0.899   0.090   0.900

(1) 0.91 (2) 0.899
(3) 0.090 (4) 0.900

67. આદર્શ વિદ્યાલયે 47,989 રૂપિયા અને સરસ્વતી વિદ્યાલયે 8,493 રૂ. પૂરગ્રસ્તો માટે મદદનિધી ભેગા કર્યાં. તેમાંથી 50,042 રૂ. ઘરના સરસામાન માટે અને વધેલી રકમ ખાદ્યપદાર્થના પૅકેટ્સ માટે વાપર્યા તો ખાદ્યપદાર્થના પૅકેટ્સ માટે કેટલી નિધી વાપરી?

(1) 6340 રૂ. (2) 6440 રૂ.
(3) 5440 રૂ. (4) 5340 રૂ.

68. નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે?

(1) $25\% = \frac{25}{1000}$ (2) 20 ના સેંકડે 5 = 4
(3) 50 ના સેંકડે 50 = 2.5 (4) 0.68 = 68%

| ફક્ત કાચા કાર્ય માટે |
|---|
| |

**69.** What is the diameter of a circular ground whose radius is 7.6 m?

(1) 3.8 m (2) 15.2 m

(3) 14 m (4) 7.6 m

**70.** 2.25 m cloth is required to stitch a shirt. How much cloth is required to stitch 5 such shirts?

(1) 10.75 m (2) 11.25 m

(3) 8.75 m (4) 9.25 m

**71.** How much more is the number of divisors of 36, than that of divisors of 24?

(1) more by 1 (2) more by 2

(3) more by 3 (4) more by 4

**72.** What will be the consecutive number after seventy five lakhs nine thousand five hundred and thirty five?

(1) 759536 (2) 7590535

(3) 7509534 (4) 7509536

**73.** Under "Tree Conservation" programme, Maharashtra Government planted 8000 trees on Amravati-Akola and Amravati-Yavatmal Highway, on both sides of the road. If 40 % trees are planted on Amravati-Akola highway, how many trees are planted on Amravati-Yavatmal highway?

(1) 3200 (2) 4200

(3) 1600 (4) 4800

**SPACE FOR ROUGH WORK**

**69.** 7.6 મી. ત્રિજ્યાવાળા વર્તુળાકાર મેદાનનો વ્યાસ કેટલો?

(1) 3.8 મી. (2) 15.2 મી.

(3) 14 મી. (4) 7.6 મી.

**70.** એક શર્ટ સિવડાવવા માટે સવા બે મીટર કાપડ લાગે તો પાંચ શર્ટ સિવડાવવા માટે કેટલા મીટર કાપડ લાગશે?

(1) પોણા અગિયાર (2) સવા અગિયાર

(3) પોણા નવ (4) સવા નવ

**71.** 36 ના કુલ વિભાજકોની સંખ્યા 24 ના કુલ વિભાજકોની સંખ્યા કરતાં કેટલી વધારે છે?

(1) 1 (2) 2

(3) 3 (4) 4

**72.** પંચોત્તેર લાખ નવ હજાર પાંચસો પાંત્રીસ સંખ્યા પછી ક્રમથી આવનારી સંખ્યા નીચેનામાંથી કઈ છે?

(1) 759536 (2) 7590535

(3) 7509534 (4) 7509536

**73.** 'વૃક્ષસંવર્ધન' કાર્યક્રમ અંતર્ગત મહારાષ્ટ્ર શાસને અમરાવતી - અકોલા અને અમરાવતી - યવતમાળ મહામાર્ગની બંને બાજુએ 8000 ઝાડ વાવ્યાં, તેમાંથી સેંકડે 40 ઝાડ અમરાવતી - અકોલા મહામાર્ગ પર વાવ્યાં તો અમરાવતી - યવતમાળ મહામાર્ગ પર કેટલા ઝાડ વાવ્યાં હશે?

(1) 3200 (2) 4200




(3) 1600 (4) 4800

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**Instruction for Question No. 74 and 75.**

Observe the pictorial information and answer the questions.

In a village, people have different coloured Ration Cards.

| Colour of Ration Card | No. of houses |
|---|---|
| White |  |
| Yellow |  |
| Orange |  |

Scale : 1 picture = 100 houses

**74.** What is the number of houses that have orange colour card?

(1) 800 (2) 400

(3) 200 (4) 600

**75.** How many times is the number of houses with white card to that of the number of houses with yellow and orange colour card?

(1) 3 times (2) $\frac{1}{3}$ times

(3) Double (4) $\frac{1}{2}$ times




**SPACE FOR ROUGH WORK**

**પ્ર. ક્ર. 74 અને 75 માટે સૂચના –**

આપેલી ચિત્રરૂપ માહિતીના આધારે પ્રશ્નોના ઉત્તર લખો.

એક ગામડામાં કેટલાક ઘરોના રેશનકાર્ડ નીચે આપેલા રંગના છે.

(પ્રમાણ 1 ચિત્ર = 100 ઘર)

| રેશનકાર્ડનો રંગ | ઘરની સંખ્યા |
| --- | --- |
| સફેદ |  |
| પીળો |  |
| કેસરી |  |

**74.** કેસરી રેશનકાર્ડ ધરાવનાર ઘરોની સંખ્યા કેટલી?

(1) 800 (2) 400

(3) 200 (4) 600

**75.** સફેદ રેશનકાર્ડ ધરાવનાર ઘરોની સંખ્યા પીળા અને કેસરી રેશનકાર્ડ ધરાવનાર ઘરોની સંખ્યા કરતા કેટલા ગણી છે?

(1) 3 ગણી (2) $\frac{1}{3}$ ગણી

(3) બમણી (4) $\frac{1}{2}$ ગણી

**<u>ફક્ત કાચા કાર્ય માટે</u>**

**SPACE FOR ROUGH WORK**